| GJRJ070015512025 | ફરિયાદ રજૂ થયા તારીખ | ૦૯/૦૯/૨૦૨૫ |
|---|---|---|
| | ફરિયાદ દાખલ તારીખ | ૦૯/૦૯/૨૦૨૫ |
| | ફરિયાદ નિકાલ થયા તારીખ | ૦૮/૦૪/૨૦૨૬ |
| | અવધિ | વર્ષ માસ દિવસ<br>૦૦ ૦૬ ૩૦ |

**મહે.ભાયાવદરના જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, સાહેબની કોર્ટમાં, જિ.રાજકોટ.**

**ફોજદારી કેસ નંબરઃ૧૧૯૭/૨૦૨૫.**
**આંક–૨૨**

**ફરિયાદીઃ–** **શ્રી સરકાર.**

**: : વિરુદ્ધ : :**

**આરોપીઃ–** ગોપાલભાઈ ભરતભાઈ કુબાવત
રહે. શહિદ ખારચીયા ગામ, કોળી વાસ,
ગરબી ચોક, તા. ઉપલેટા.

**ગુનોઃ–** **પ્રોહિબિશન એકટની કલમ–૬૫(ઈ), ૯૮(૨) મુજબ.**

--------------------------------------

**<u>ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી જે.એમ.ટાંક.</u>**
**<u>આરોપીપક્ષે વિ.વ.શ્રી ડી.એચ.જોષી.</u>**

--------------------------------------

**: : ચુ કા દો : :**

(૧) **ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,** આ કામના આરોપીએ પોતાના હવાલાવાળા કાળા કલરના એકટીવા નં.GJ–03–ND–1710 માં ૨૫૦ એમ.એલ.ની ક્ષમતાવાળી કોથળી નંગ ૮૭ દેશી દારૂ લીટર આશરે ૨૧.૫ કિ.રૂ.૪૩૦૦/– તથા એકટીવા કિ.રૂ.૫૦,૦૦૦/– મળી કુલ ૫૪,૩૦૦/– ના મુદ્દામાલ સાથે વેચાણ કરવાના ઈરાદે રાખી હાજર મળી આવતા, ગુનો કરેલ હોય, **જેથી ફરિયાદીએ સરકાર તરફે ધી પ્રોહિબિશન એકટની કલમ–૬૫(ઈ), ૯૮(૨) મુજબ શિક્ષાને પાત્ર ગુના અંગેની ફરિયાદ દાખલ કરેલી. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો જણાતાં અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજૂ કરેલ છે.**

(૨) **ત્યારબાદ સદરહુ ગુના સબબ આરોપીને સમન્સ કાઢતાં,** સદરહુ સમન્સ આરોપીને બજી જતાં આરોપી તેમના વકીલશ્રી મારફતે હાજર થતાં તેઓને **બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦** અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી. **ત્યારબાદ આ કામના આરોપી સામેના ગુના અંગેનું આંક–૪ થી તહોમતનામું ફરમાવી, આંક–૫ સુધી આરોપીની પ્લી નોંધવામાં આવેલ** જે દરમ્યાન આરોપીઓએ ગુનાની હકીકતનો ઈનકાર કરેલ. જેથી કેસની ઈનસાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) **ફરિયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે.**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ દિલાવરભાઇ જમાલભાઇ અભેસીંગની જુબાની | ૬ |
| ૨ | પંચનામુ | ૭ |
| ૩ | પંચ સાહેદ લાખાભાઇ ગોવાભાઇ ગુજરાતીની જુબાની | ૮ |
| ૪ | ફરિયાદી વશરામભાઇ સવશીભાઇ કરોતરાની જુબાની | ૧૩ |
| ૫ | ફરિયાદ | ૧૪ |
| ૬ | ત.ક.અ. દિનેશકુમાર નટવરલાલ ગોહેલની જુબાની | ૧૬ |
| ૭ | ડેપ્યુટ હુકમ | ૧૭ |
| ૮ | રવાનગી પત્રક | ૧૮ |

(૪) **ત્યારબાદ આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાતો હોવાથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.** જેમાં તેઓને બચાવ સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવે છે. તેમજ **તેઓ વિશેષમાં જણાવે છે કે, તેઓ નિર્દોષ છે, તેમજ ખોટી રીતે મો.સા. પાછળથી કબજે કરેલ છે.**

(૫) **ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીની તથા આરોપીપક્ષ તરફે વિદ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.**

**(૬) સદરહુ કેસના આખરી નિર્ણય સારૂં મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.**

**મુદ્દા નં.૧ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,** આ કામના આરોપીએ પોતાના હવાલાવાળા કાળા કલરના એકટીવા નં.GJ–03–ND–1710 માં ૨૫૦ એમ.એલ.ની ક્ષમતાવાળી કોથળી નંગ ૮૭ દેશી દારૂ લીટર આશરે ૨૧.૫/– કિ.રૂ.૪૩૦૦/– તથા એકટીવા કિ.રૂ.૫૦,૦૦૦/– મળી કુલ ૫૪,૩૦૦/– ના મુદ્દામાલ સાથે વેચાણ કરવાના ઈરાદે રાખી હાજર મળી આવતા, **ધી પ્રોહિબિશન એકટની કલમ– ૬૫(ઈ), ૯૮(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?**

**મુદ્દા નં.૨ શું આખરી હુકમ ?**

**(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.**

**મુદ્દા નં.૧ નકારમાં.**

**મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.**

<u>//કારણો//</u>

**(૮) આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે ત્યારે ફોજદારી ન્યાયતંત્રના સિદ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે અને જ્યા સુધી આરોપી સામેનો ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તેઓ નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનુ રહે છે.** વધુમાં, ફરિયાદપક્ષે આરોપી સામે જે આક્ષેપ કરેલ છે તે સાબિત કરવા માંગતા હોય તો સકારાત્મક પુરાવાથી શંકાથી પર સાબિત કરવું જોઇએ. **આરોપી સામે ધી પ્રોહિબિશન એકટની કલમ– ૬૫(ઈ), ૯૮(૨) મુજબ મુજબનો આરોપ છે ત્યારે ફરિયાદપક્ષે આરોપી સામે તે મુજબના ગુનાના તત્ત્વો સકારાત્મક પુરાવાથી સાબિત કરવા જોઇએ.**

**(૯) ઉપરોકત રેકર્ડ પરનો પુરાવો જોતાં, આંક–૬ થી પંચ સાહેદ દિલાવરભાઈ જમાલભાઈ અભેસીંગને તથા આંક–૮ થી પંચ સાહેદ લાખાભાઈ ગોવાભાઈ ગુજરાતીને સોગંદ પર તપાસવામાં આવેલા છે.**

**તેઓએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે,** પોલીસે એક લખેલ તૈયાર કાગળમાં તેઓને સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. તેઓને આંક–૭ નુ અસલ પંચનામું બતાવવામાં આવેલ તે જોઈને કહે છે કે તેમાં તેઓની સહી છે. જે તેઓએ ઓળખી બતાવેલ. **આમ, સદરહુ પંચ સાહેદો પંચનામાની હકીકતને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત જણાવતા ન હોઇ વિદ્વાન એ.પી.પી.શ્રીએ તેઓને હોસ્ટાઇલ જાહેર કરેલ છે. આમ, સદરહુ પંચ સાહેદોની જુબાની ઉપરથી પંચનામું સાબિત થયેલ માની શકાય નહિ તેમ આ અદાલતનું નમ્રપણે માનવુ છે.**

(૧૦) **ત્યારબાદ સદરહુ કામે ફરિયાદપક્ષ તરફથી સદરહુ કામે ફરિયાદપક્ષ દ્વારા આંક–૧૩ થી ફરિયાદી વશરામભાઇ સવશીભાઇ કરોતરાને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે,** તા.૧૭/૦૭/૨૫ ના રોજ તેઓ તથા ભાયાવદર પો.સ્ટે.સ્ટાફ ભાયાવદર વિસ્તારના ખારચીયા ગામે વેણુ નદીના કાંઠે એક ઈસમ દેશી દારૂનુ વેચાણ કરતો હોવાનો વિડીયો વાયરલ થયેલ હોય જે અનુસંધાને ખરાઈ કરાવતા દેશી દારૂનું વેચાણ ચાલુ હોય જેથી ખારચીયા બસ સ્ટેન્ડ પાસે કલાક ૧૧.૩૦ વાગે બે રાહદારી પંચો બોલાવી પ્રાથમીક પંચનામુ કરી કલાક ૧૧.૪૫ વાગે બનાવવાની જગ્યાએ પહોંચતા ત્યાં એક ઈસમ એકટીવામાં બેઠા હોય જઈ ચેક કરતા એકટીવા આગળ થેલામાં તથા ડેકીમાં દેશી દારૂ મળી આવેલ અને પંચો રૂબરૂ મજકુરનું નામ ઠામ પુછતા પોતો પોતાનું નામ ગોપાલ ભરત કુબાવત હોવાનું જણાવેલ એકટીવાની શીટ પાસેથી એક બાચકુ મળી આવેલ જે જોતા પ્લા. ની મોઢા બાંધેલ કોથળીઓ નંગ–૫૦ તેમજ એકટીવાની ડેકીમાં કોથળીઓ નંગ–૩૭ મળી આવેલ કુલ નંગ–૮૭ મળી આવેલ. સદર પ્રવાહી પંચો રૂબરૂ સુંઘી સુંઘાડી જોતા કેફી પ્રવાહી હોવાની ખાટી અને તીવ્ર વાસ આવતી હતી જેથી કેફી પ્રવાહી પોતાના કબજામાં રાખવા અંગે પાસ પરમીટ આધાર હોય તો રજુ રાખવા જણાવેલ તેને નહી હોવાનું જણાવેલ. સદર કોથળીઓ માંથી ૨૦૦ એમ.એલ. જેટલું સેમ્પલ તરીકે તપાસ ના

અર્થે કબજે કરેલ અને દારૂ લી.૨૧.૫ કીંમત ૪૩૦૦/–ની ગણી તેમજ એકટીવા GJ 03 ND 1710 કી. રૂા. ૫૦,૦૦૦/– ગણી કબજે કરેલ. મજકુર આરોપીને ધોરણસર અટક કરેલ અને સરકરાશ્રી તર્ફે તેઓએ ફરીયાદ આપેલ. તેમજ અસલ ફરિયાદમાં પોતાની સહી ઓળખી બતાવી ફરિયાદ આંક–૧૪ થી રજુ કરેલ છે.

**(૧૦.૧) આરોપી તરફેની ઊલટતપાસમાં તેઓ એ હકીકત સ્વીકારે છે કે,** તેઓએ તેમની ફરિયાદમાં બનાવવાળી જગ્યાએથી પ્રવાહીના નમુના લેવાના સાધનો તેમજ માપ સાઇઝના સાધનો સાથે લઇ ગયાની વિગત જણાવેલ નથી. તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલ સાનો સાથે લઇ ગયાની શીલ સાથે લઇ ગયાની કોઇ વિગત જણાવેલ નથી. તેઓએ તેમની ફરિયાદ રજી.કરાવતી વખતે ફરિયાદમાં જણાવેલ મો.સા.ના માલિકી અંગેના કોઇ પણ કાગળો રજુ કરેલ નથી. બનાવવાળી જગ્યાએ તેઓએ કોઇ મુદ્દામાલ અંગેનુ કોઇ પંચનામુ કરેલ નથી. તેઓએ ફરિયાદ રજી. લેવા આપેલ ત્યારે બનાવવાળી જગ્યાએથી તેઓએ લીધેલ પ્રવાહીનો કોઇ એફ.એસ.એલ. અધિ.નો તેઓની પાસે કોઇ રિપોર્ટ ન હતો. સાહેદને તમારી ફરિયાદમાં તમોએ બનાવવાળી જગ્યાએથી લેવામાં આવેલ પ્રવાહી દેશી દારૂ છે તેવી હકીકત કોના કહેવાથી લખાવેલ ? તેવુ પુછતાં તેના જવાબમાં જણાવેલ છે કે, તેઓ તથા એ.એસ.આઇ ડી.એન.ગોહીલનાઓએ ચેક કરતા કેફી પ્રવાહી જેવી ખાટી અને તીવ્ર વાસ આવતા પંચો રૂબરૂ સુંઘાડી જોતા દેશી દારૂ હોવાનું જણાઈ આવેલ જેથી ૨૫૦ એમ. એલ. જેટલુ સેમ્પલ બોટલમાં ભરી લઈ પો.ઈન્સ. ભાયાવદરના હોદાથી શીલ કરી એક એસ.એલ. તપાસ અર્થે મોકલાવેલ છે. વધુમાં, સાહેદને તમોને બનાવવાળી જગ્યાએથી મળી આવેલ પ્રવાહી તમારા તેમજ એ.એસ.આઈ. ડી.એન. ગોહીલ અને પંચો ની ખરાઈથી જ સ્થળ પરનું પ્રવાહી દેશી દારૂ હોવાનું જણાઈ આવેલ હોવા છતા તે પ્રવાહીને એફ.એસ.એલ. માં શા માટે મોકલેલ છે? તેવુ પુછતાં તેના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, તેઓ જે તે પ્રવાહી દેશી દારૂ છે તે જણાવી ન શકીએ તેથી એફ.એસ.એલ.

<u>અધી.ને રીપોર્ટ માટે મોકલેલ છે. તેઓ જણાવે છે કે, તેઓએ રજુ રાખેલ ફરીયાદ વાળા પ્રવાહી દેશી દારૂ હોવા અંગેનો કોઈ એફ.એસ.એલ.નો રીપોર્ટ આજની તારીખ સુધી તેઓની પાસે નથી.</u> અન્ય હકીકતોનો સાહેદ ઈનકાર કરેલ છે.

**(૧૧) ત્યારબાદ સદરહુ કામે ફરિયાદપક્ષ દ્વારા આંક–૧૬ થી ત.ક.અ. દિનેશકુમાર નટવરલાલ ગોહેલને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે,** ગઈ તા.૧૭/૦૭/૨૦૨૫ ના રોજ કલાક ૧૧.૧૫ થી તેઓ તથા ભાયાવદર વો. સ્ટે. ના સ્ટાફના માણસો ખારચીયા સહીદ ગામે વેણ નદી કાંઠે એક ઇસમ દેશી દારૂનું વેચાણ કરતા હોવાનો વિડીયો વાયરલ થયેલ હોય જે અનુસંધાને બનાવવાળી જગ્યાએ ખરાઈ કરાવતા દેશી દારૂન વેંચાણ ચાલુ હોય જેથી બે પંચોને બોલાવી પ્રાથમિક પંચનામ કરી ખા વાહનમાં કલાક ૧૧.૪૫ વાગ્યે બનાવવાળી જગ્યાએ રેડ કરતા બાવળના ઝાડ પાસે એક ઈસમ એક્ટીવામા બેઠા જેની પાસે જઈ ચેક કરતા એકટીવાના આગળ થેલીમાં તથા ડેકીમાં દેશી દારૂ મળી આવતા જેથી પંચો રૂબરૂ નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ ગોપાલ ભરત કુબાવત હોવાનું જણાવેલ. જેથી મજકુર ઈસમ પાસે કેફી પ્રવાહી રાખવા બાબતે આધાર હોય તો રજુ કરવા જણાવતા મજફરે નહી હોવાનું જણાવેલ. જેથી દરેક કોથળીઓમાંથી થોડુ થોડુ પ્રવાહી ૨૦૦ એમ.એલ. પ્લાસ્ટીક ની બોટલમાં સેમ્પલ તરીકે લઇ અને કેમીકલ તપાસણી અર્થે કબ્જે કરેલ અને પંચનામાની વિગતે દેશી દારુ લી. ૨૧.૫ કિ. રૂ.૪૩૦૦/– તેમજ એકટીવા તપાસ અર્થે કબ્જે કરેલ અને આ કામમાં કરીયાદ અમારી સાથેના પો. હે. કો. વંશરામભાઈ સવજીભાઈ કળોતરાએ આપેલ. ગુનો રજી. કરીને કરજ પરના પી.એસ.ઓ. એ આગળની તપાસ અમોને સોંપેલ. તપાસના કામે અમોએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા, તેમજ મુદામાલ કેમીકલ તપાસણી અર્થે એફ.એસ.એલ.મા મોકલાવેલ. તેમજ ડેપ્યુટ હુકમમાં પી.એસ.ઓ. ડી.વી.બોરૈયા હે.કો.નાઓની સહી ઓળખી બતાવી

આંક–૧૭ થી રજુ કરેલ છે. તેમજ મુદ્ધામાલ રવાનગીમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૧૮ થી રજુ કરેલ છે.

(૧૧.૧) **આરોપી તરફેની ઊલટતપાસમાં તેઓ એ હકીકત સ્વીકારે છે કે,** સોશીયલ મીડીયા પર અમુક ઇસમો પ્રોહી. પ્રવાહીનું વેચાણ કરે છે તેવો વીડીયો વાયરલ થતા હાલની ફરીયાદ ગુનો દાખલ કરવા રજુ થયેલ છે. હાલની તપાસ મને મળ્યા બાદ મુદામાલ પાવતી મુજબનુ એક્ટીવા મો. સા. ની માલિકી અંગેના કોઇ કાગળો તપાસી તે અંગેની તપાસ કરેલ નથી. હાલના ગુનાના કામે મો. સા. ના માલિકને મે કોઈ અટક કરેલ નથી. અન્ય હકીકતોનો સાહેદે ઈનકાર કરેલ છે.

(૧૨) **આમ, ફરિયાદપક્ષે રજૂ થયેલ તમામ પુરાવાઓને ધ્યાનમાં લેતાં, આ કામે આંક–૧૩ થી ફરિયાદી વશરામભાઈ સવશીભાઈ કરોતરાને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં ફરિયાદની હકીકતોને સમર્થન આપેલ છે. પરંતુ આરોપી તરફે લેવાયેલ ઊલટતપાસમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે,** તેઓએ તેમની ફરિયાદમાં બનાવવાળી જગ્યાએથી પ્રવાહીના નમુના લેવાના સાધનો તેમજ માપ સાઈઝના સાધનો સાથે લઈ ગયાની વિગત જણાવેલ નથી. તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલ સાનો સાથે લઈ ગયાની શીલ સાથે લઈ ગયાની કોઇ વિગત જણાવેલ નથી. તેઓએ તેમની ફરિયાદ રજી.કરાવતી વખતે ફરિયાદમાં જણાવેલ મો.સા.ના માલિકી અંગેના કોઇ પણ કાગળો રજુ કરેલ નથી. બનાવવાળી જગ્યાએ તેઓએ કોઈ મુદ્ધામાલ અંગેનુ કોઈ પંચનામુ કરેલ નથી. તેઓએ ફરિયાદ રજી. લેવા આપેલ ત્યારે બનાવવાળી જગ્યાએથી તેઓએ લીધેલ પ્રવાહીનો કોઇ એફ.એસ.એલ. અધિ.નો તેઓની પાસે કોઈ રિપોર્ટ ન હતો. સાહેદને તમારી ફરિયાદમાં તમોએ બનાવવાળી જગ્યાએથી લેવામાં આવેલ પ્રવાહી દેશી દારૂ છે તેવી હકીકત કોના કહેવાથી લખાવેલ ? તેવુ પુછતાં તેના જવાબમાં જણાવેલ છે કે, તેઓ તથા એ.એસ.આઈ ડી.એન.ગોહીલનાઓએ ચેક કરતા કેફી પ્રવાહી જેવી ખાટી અને તીવ્ર વાસ આવતા પંચો રૂબરૂ સુંઘાડી જોતા દેશી દારૂ હોવાનું જણાઈ આવેલ જેથી ૨૫૦ એમ. એલ.

જેટલુ સેમ્પલ બોટલમાં ભરી લઈ પો.ઈન્સ. ભાયાવદરના હોદાથી શીલ કરી એક એસ.એલ. તપાસનો અર્થે મોકલાવેલ છે. વધુમાં, સાહેદને તમોને બનાવવાળી જગ્યાએથી મળી આવેલ પ્રવાહી તમારા તેમજ એ.એસ.આઈ. ડી.એન. ગોહીલ અને પંચો ની ખરાઈથી જ સ્થળ પરનું પ્રવાહી દેશી દારૂ હોવાનું જણાઈ આવેલ હોવા છતા તે પ્રવાહીને એફ.એસ.એલ. માં શા માટે મોકલેલ છે? તેવુ પુછતાં તેના જવાબમાં સાહેદે જણાવેલ છે કે, તેઓ જે તે પ્રવાહી દેશી દારૂ છે તે જણાવી ન શકીએ તેથી એફ.એસ.એલ. અધી.ને રીપોર્ટ માટે મોકલેલ છે. તેઓ જણાવે છે કે, તેઓએ રજુ રાખેલ ફરીયાદ વાળા પ્રવાહી દેશી દારૂ હોવા અંગેનો કોઈ એફ.એસ.એલ.નો રીપોર્ટ આજની તારીખ સુધી તેઓની પાસે નથી. **આમ, ફરિયાદી તેમની ફરિયાદ હકીકતને સંપૂર્ણપણે સમર્થનકારક હકીકત તેમની ઊલટતપાસમાં જણાવતા નથી. તેથી તેઓની જુબાની પર આધાર રાખી આ કામના આરોપીને આક્ષેપિત ગુના સબબ તકસીરવાર ઠરાવી શકાય નહિ.**

(૧૩) **ત્યારબાદ આ કામે આંક–૧૬ થી તપાસ કરનાર અમલદાર દિનેશકુમાર નટવરલાલ ગોહેલને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં તેઓએ કરેલ તપાસની કામગીરીની હકીકતો જણાવેલ છે. પરંતુ આરોપી તરફેની ઊલટતપાસમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે,** સોશીયલ મીડીયા પર અમુક ઇસમો પ્રોહી. પ્રવાહીનું વેચાણ કરે છે તેવો વીડીયો વાયરલ થતા હાલની ફરીયાદ ગુનો દાખલ કરવા રજુ થયેલ છે. હાલની તપાસ મને મળ્યા બાદ મુદામાલ પાવતી મુજબનુ એક્ટીવા મો. સા. ની માલિકી અંગેના કોઇ કાગળો તપાસી તે અંગેની તપાસ કરેલ નથી. હાલના ગુનાના કામે મો. સા. ના માલિકને મે કોઈ અટક કરેલ નથી. **આમ, સાહેદ ફરિયાદ હકીકતને સંપૂર્ણપણે સમર્થનકારક હકીકત તેમની ઊલટતપાસમાં જણાવતા નથી. તેથી તેઓની જુબાની પર આધાર રાખી આ કામના આરોપીને આક્ષેપિત ગુના સબબ તકસીરવાર ઠરાવી શકાય નહિ.**

(૧૪) **વધુમાં સદર કામે ત.ક.અમલદાર દ્વારા સરળતાથી સ્વતંત્ર મળી શકે તેમ હોવા છતાં આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી અને તે નિવેદનો શાં માટે લેવામાં આવેલ નથી. તે અંગે કોઈ સ્પષ્ટતા પણ કરેલ નથી. વધુમાં** ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા સ્વતંત્ર અને તટસ્થ કહી શકાય તેવા પંચનામાના પંચ સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. તેથી આ કામે પંચનામું પુરવાર થતું નથી. **આમ,** આ કામનાં પંચ સાહેદની જુબાની તદ્દન વિરુદ્ધની હોય, આ કામે ફરિયાદીનો પુરાવો વિશ્વસનીય જણાતો નથી. તે સંજોગોમાં ફરિયાદપક્ષના કેસને સાંયોગિક પુરાવાથી પણ સમર્થન મળેલ નથી. **આમ, સદરહુ કામે ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનાં આધારે આ કામનાં આરોપીને હાલનાં ગુના સાથે સાંકળી શકાય નહિ તેવું આ અદાલતનું નમ્રપણે માનવું છે.**

(૧૫) **આમ ઉપર કરેલ ચર્ચા તેમજ રેકર્ડ પર રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા પંચ સાહેદ તથા ફરિયાદી તથા સાહેદો તથા તપાસ કરનાર અમલદારની જુબાની ધ્યાને લેતાં, ફરિયાદપક્ષ દ્વારા** આ કામના આરોપીએ પોતાના હવાલાવાળા કાળા કલરના એકટીવા નં.GJ–03–ND–1710 માં ૨૫૦ એમ.એલ.ની ક્ષમતાવાળી કોથળી નંગ ૮૭ દેશી દારૂ લીટર આશરે ૨૧.૫/– કિ.રૂ.૪૩૦૦/– તથા એકટીવા કિ.રૂ.૫૦,૦૦૦/– મળી કુલ ૫૪,૩૦૦/– ના મુદ્દામાલ સાથે વેચાણ કરવાના ઈરાદે રાખી હાજર મળી આવતાં, ગુનો કરેલ હોય, **તેવો કોઈ સ્પષ્ટ અને સચોટ પુરાવો રજૂ થયેલ ન હોય, આવા સંજોગોમાં આરોપીને ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ– ૬૫(ઈ), ૯૮(૨) ના ગુના સબબ તકસીરવાર ઠરાવી શકાય તેમ નથી.** જેથી **સદરહુ કામે મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૨ના જવાબ તરીકે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.**

**//હુકમ//**

- આથી આ કામના આરોપીને **બી.એન.એસ.એસ.ની કલમ– ૨૭૧(૧)** અન્વયે તેઓની સામેનો ભાયાવદર પોલીસ સ્ટેશન પાર્ટ–

સી ગુના રજિસ્ટર નં.૦૩૦૫/૨૦૨૫, ધી પ્રોહિબિશન એકટની કલમ–૬૫(ઈ), ૯૮(૨) મુજબના ગુનામાંથી શંકાનો લાભ છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

- **બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧** હેઠળ આરોપીને એવો હુકમ કરવામાં આવે છે કે, આજથી છ માસ સુધીમાં તેઓને નામદાર સેશન્સ કોર્ટ, ધોરાજી અગર નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રજૂ થવા આદેશ આપવામાં આવે તો તેઓએ હાજર રહેવા અંગે અત્રેની કોર્ટમાં આરોપીએ રૂા.૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર પુરા)ના સદ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરવા.

- સદરહુ કામે કબજે કરવામાં આવેલ પ્રોહિબિશન અંગેના મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ સદર કામે કબજે કરેલ મુદ્દામાલ વાહન મો.સા. માલિકીની ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**સદરહુ હુકમ આજરોજ તારીખઃ૦૮, માહેઃએપ્રિલ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખઃ ૦૮/૦૪/૨૦૨૬.**
**મુકામઃ ભાયાવદર.**

**(દેવલ યજ્ઞેશ્વર પટેલ)**
**જ્યુડી.મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,**
**ભાયાવદર.**
**UIC-GJ01515**

Typed by:- A.J.Solanki,
Gujarati Stenographer Grade-3.